# મહિન્દ્રા લોજિસ્ટિક્સમાં હિસ્સાના વેચાણને M&M બોર્ડની મંજૂરી

**નવી દિલ્હી:** મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના બોર્ડે મંગળવારે તેની પેટાકંપની મહિન્દ્રા લોજિસ્ટિક્સમાં શેરહોલ્ડિંગના હિસ્સાના વેચાણને મંજૂરી આપી હતી તેમ કંપનીએ બીએસઇ ફાઇલિંગમાં જણાવ્યું હતું. તેણે જણાવ્યું કે, હિસ્સાના વેચાણનું કદ, તેની કિંમત અને આઇપીઓની અન્ય વિગતો ડિરેક્ટર્સની કમિટી દ્વારા યોગ્ય સમયે નક્કી કરવામાં આવશે. મંગળવારે બીએસઇ પર મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો શેર ૦.૪૯ ટકા ઘટીને છેલ્લે ₹૧,૪૧૭.૩૫ બંધ નોંધાયો હતો.